ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 10th December, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,

..........................................................................,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગરના YouTube LIVE માધ્યમથી

**'ઊર્જા અને પર્યાવરણનો પરસ્પર સંબંધ: આપણી ભૂમિકા'**

વિષય પર શ્રી દક્ષાબેન વાજા (Ex. Manager, Mass & Communication, Gujarat Energy Development Agency) ના તજજ્ઞ પદે લાઇવ વેબિનાર

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેક્નોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

વિશ્વની વધતી વસ્તી સાથે, ઊર્જાની આવશ્યકતાઓ પણ વધી રહી છે. પરંતુ જે ઝડપે ઊર્જાની આવશ્યકતા વધી રહી છે, એ સાથે ઊર્જાના તમામ સંસાધનોના વિનાશનો ભય વધવાનું શરૂ થયું છે. તેથી, તે જરૂરી છે કે આપણે ઊર્જા સંરક્ષણ પર વિશેષ ધ્યાન આપવું જોઈએ અથવા તેના સ્થાનાંતરણ માટે અન્ય સંસાધનો વિકસિત કરી શકાય તેવી કાયમી વ્યવસ્થા વિષે વિચારવું જોશે અન્યથા સંપૂર્ણ માનવ સંસ્કૃતિ જોખમમાં આવી શકે છે. લોકોમાં ઊર્જા બચત વિશેની સમજ કેળવવા અને તેના પર ધ્યાન કેન્દ્રિત કરવા સમગ્ર વિશ્વમાં ૧૪ ડિસેમ્બરના રોજ ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

દર વર્ષે વિવિધ કાર્યક્રમોના માધ્યમ થકી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર લોકો માટે ઊર્જા બચતવિષે લોકોમાં જાગૃતતા ફેલાવવાના સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પરંતુ હાલ કોવીડ-૧૯ની વણસેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વેબીનારના માધ્યમ દ્વારા તા. ૧૪-૧૨-૨૦૨૦ને સોમવારના રોજસાંજે ૬ કલાકથી ૭ કલાક દરમ્યાન 'ઊર્જા અને પર્યાવરણનો પરસ્પર સંબંધ : આપણી ભૂમિકા' વિષય પર શ્રી દક્ષાબેન વાજા (Ex. Manager, Mass & Communication, Gujarat Energy Development Agency) ના તજજ્ઞ પદે **KRCSC Bhavnagar** ની **YouTube** ચેનલ પર live માધ્યમથી લોકોને ઉર્જાના સંરક્ષણ બાબતે પ્રાયોગિક રીતે માહિતગાર કરવામાં આવશે.

જેની વધુ વિગતો www.krcscbhavnagar.org પર Upcoming Events પર અથવા WhatsApp 8866570111 પરથી મેળવી શકાશે.

10-12-2020
4 PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.